**સુવિચાર**

''આપણને ગ્રહો નડે છે કે નહીં, એ રામ જાણે, પણ પૂર્વગ્રહો જરૂરથી નડે છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૧૨/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૩૦૦

## શહેરીજનોનાં પરસેવાનાં પૈસાથી બનતા રોડથી સૌને પરેશાની

# અમરેલીમાં બનતા ચિતલ રોડ ઉપર યમદૂત સમાન ખાડાઓ તો બુરો

**કરોડો રૂપિયાનાં ખર્ચે બનતા માર્ગને લઈને શરૂઆતથી લઈને નિયમોનો સતત ઉલાળીયો**

**દિવસ–રાત સતત વાહનોની અવરજવર હોય ધુળની ડમરીઓ ઉડી રહી છે**

**રોડ બનાવવાનો સમય પૂર્ણ થયો છતાં હજુ કામ અર્ધુ પણ પુરૂ થયું નથી**

**સુરક્ષાનાં તમામ નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો માર્ગ–મકાન વિભાગને કોઈ જ ચિંતા નથી**



અમરેલી, તા. ૫

અમરેલીનો રાજ માર્ગ ગણાતો સરદાર સર્કલથી પંચવટી ફાર્મ સુધીનો માર્ગ જનતા જનાર્દનનાં પરસેવાનાં અંદાજિત ૨૦ કરોડનાં ખર્ચે બની રહ્યો છે અને માર્ગ પૂર્ણ કરવાનો સમય પણ બે મહિના પહેલા પૂર્ણ થયો છતાં હજુ માર્ગનું કામ અર્ધુ પણ થયું નથી અને આગામી ૬ મહિના સુધી માર્ગનું કાર્ય પૂર્ણ થાય તેવું લાગતું નથી.

દરમિયાન સરદાર સર્કલથી ગણેશ સોસાયટીનાં કોર્નર સુધી એક બાજુનો માર્ગ તો બની ગયો પરંતુ સાઈડમાંથી પસાર થતી ગટરની કુંડી છેલ્લા ૨ મહિનાથી ખુલ્લી રાખવામાં આવી છે. કુંડીને કોર્નર કરવાને બદલે સિમેન્ટની ખાલી થેલીમાં રેતી ભરીને તેમજ મોટા પથ્થરની કુંડી આડે આડશ કરવામાં આવી છે અને વાહનચાલકો ઉપર સતત ખતરો જોવા મળી રહ્યો છે.

તદુઉપરાંત, માર્ગનાં ડીવાઈડર બનાવવા માટે પથ્થર કતારબંધ લગાવવામાં આવ્યા છે જે અવારનવાર માર્ગની વચ્ચે આડા થતાં હોય છે અને ત્યાં પણ અકસ્માતનો ભય જોવા મળી રહ્યો છે તેમજ ગણેશ સોસાયટીનાં કોર્નર નજીક બંને બાજુથી અવરજવર થઈ શકે તે જગ્યામાં ઝીણી માટી નાખવામાં આવી હોય તેના લીધે સતત બુળની ડમરીઓ ઉડી રહી છે.

આ અંગે અવારનવાર અહેવાલો પ્રસિધ્ધ કરાય, મોબાઈલ ધ્વારા અધિકારીનું ધ્યાન દોરવામાં આવેલ છતાં પણ કમિશનબાજીમાં વ્યસ્ત અધિકારીઓને શહેરીજનો કરતાં માર્ગ બનાવનાર એજન્સીની ચિંતા વધુ જોવા મળે છે અને જનપ્રતિનિધિઓની પણ ધ્યાન આપતા નથી. જો આ અંગે માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓનું માર્ગનું કાર્ય નિયમ પ્રમાણે ન કરાવે તો સમગ્ર મામલો સ્ટેટ વિજીલન્સ સુધી પહોંચાડવાની સંભાવનાં જોવા મળી રહી છે.


## ખેડૂતોને ન્યાય અને અધિકાર અપાવવા મુદ્દે

# અમરેલી ખાતે આવતીકાલે બપોરે 3 કલાકે 'આમ આદમી પાર્ટી' દ્વારા કિસાન મહાપંચાયત યોજાશે

**ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ઈસુદાન ગઢવી, કાંતિભાઈ સતાસિયા સહિતનાં આગેવાનો સંબોધન કરશે**

અમરેલી, તા. ૫

ખેડૂતોને ન્યાય અને અધિકાર અપાવવા મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા આગામી ૭ ડિસેમ્બર રવિવારના રોજ અમરેલી ખાતે કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ કિસાન મહાપંચાયતમાં આમ આદમી પાર્ટીનાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા, ધારાસભ્ય સુધીર વાઘાણી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા,ખેડૂત નેતા અને પ્રદેશ મહામંત્રી સાગર રબારી, રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી રાજુ સોલંકી, યુવાનો માટે લડતા યુવરાજસિંહ જાડેજા, યુવા પ્રદેશ અધ્યક્ષ બ્રિજરાજ સોલંકી, લોકસભા ઈન્ચાર્જ કાંતિ સતાસિયા



સહિત અમરેલી જિલ્લા ટીમ અને તમામ કાર્યકર્તાઓ સાથે પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

અમરેલીમાં યોજનાર કિસાન મહાપંચાયત મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટીનાં અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ જણાવ્યું હતું કે AAP નેતા રાજુભાઈ કરપડાએ બોટાદથી કડદા પ્રથા વિરૂધ્ધ અવાજ ઉઠાવ્યો હતો. જયાં સરકારે પોતાની તાનાશાહીનું પ્રદર્શન કર્યુ હતું. હડદડ ગામે AAP નેતા રાજુ કરપડા, પ્રવીણ રામની આગેવાનીમાં કિસાન મહાપંચાયત યોજાઈ હતી અને કડદા પ્રથાને લઈને સરકાર પાસે અમુક માંગણી મૂકવામાં આવી હતી. આ માંગણીનો ધ્યાનમાં ન લઈને સરકારે નિર્દોષ લોકો પર અત્યાચાર કર્યો અને પોતાની માંગણી કરતા ખેડૂતોને જેલ હવાલે કરવામાં આવ્યા. આ હડદડનાં પ્રત્યાઘાતરૂપી આમ આદમી પાર્ટીએ સુદામડા ગામે કિસાન મહાપંચાયતનું આયોજન કર્યુ હતું. જેમાં રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સાડા ૪ મહિના પહેલા હજારો કિલો અનાજ ઝડપાયા બાદ

# ચલાલા નજીકથી રેશનિંગનાં અનાજનો જથ્થો ઝડપાયા બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ

**મામલતદારે 3 આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૫

ચલાલા ગામ પાસે આવેલ મીઠાપુર (ડુંગરી) ગામેથી સાડા ચાર મહિના પહેલાં ધારી મામલતદાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાશનકાર્ડ ધારકોને વિતરણ થયેલ અનાજનો જથ્થો જેમા ચોખા ૯૯૭૦ કિલો ગ્રામ, ઘઉં ૩૦૯૦ કિલો ગ્રામ સહિતનો મુદામાલ ઝડપી લીધેલ હતો. આ બનાવમાં ધારી મામલતદાર દ્વારા ધારી પોલીસમાં ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે.

વિસાવદર તાલુકાના ગંજીવાડા ગામે કન્યાશાળા પાસે રહેતાં અકરમભાઈ હુસૈનભાઈ મોદીએ ચલાલા ગામે આવેલ દાનેવ સોસાયટીમાં રહેતાં ઉમેશભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ચલાલા પોલીસે કાર્યવાહી શરૂ કરી

# ધારી, ચલાલા બગસરા પંથકમાં ઘરફોડી ચોરી કરનાર આરોપીનુ રીકન્સ્ટ્રકશન કરાયુ

**ચલાલામાં શહેરીજનોનાં ટોળા એકત્ર થયા**

અમરેલી, તા. ૫

ચલાલા પોલીસે આજે ધારી, ચલાલા, બગસરા પંથકમાં ઘરફોડી ચોરી કરનાર તસ્કર વિજય ઉર્ફે હિંમતભાઈ મકવાણાને ઝડપી લીધા બાદ ચોરીની ઘટના અંગેનું રીકન્ટ્રકશન કરતાં ચલાલામાં શહેરીજનોનાં ટોળા એકત્ર થયા હતા.



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા.૦૭/૧૨/૨૦૨૫ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦

ડો. કોમલ ઉનડકટ — ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ, સ્ત્રી રોગ અને વંધ્યત્વના રોગોનાં નિષ્ણાંત
તા.૦૭/૧૨/૨૦૨૫ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦

ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
તા.૦૪/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

ડો.ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ
તા.૦૬/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. ઋષ્ટિ પંડયા

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100% શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

# સાવરકુંડલા : રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ તાલુકા કક્ષાનું ગણિત–વિજ્ઞાન પ્રદર્શન ખુલ્લું મૂકયું






ઊર્જા, કાયદો–ન્યાય રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સાવરકુંડલા તાલુકા ગણિત–વિજ્ઞાન પ્રદર્શનને ખુલ્લું મૂકયું હતું. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા સાથે રાજયમંત્રીએ પ્રદર્શન નિહાળી 'બાળ વૈજ્ઞાનિકો'ને પ્રોત્સાહિત કર્યા હતા. સાવરકુંડલા નગર મધ્યે આવેલી શાળા નં. ૦૨ ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં ૫૩ જેટલી કૃતિઓ બાળ વૈજ્ઞાનિકોએ તૈયાર કરી હતી. ગણિત–વિજ્ઞાનના પાંચ વિભાગમાં શાળા દીઠ એક કૃતિ વિદ્યાર્થીઓએ રજૂ કરી હતી. રાજયમંત્રી વિદ્યાર્થીઓની સેન્સર આધારિત ડસ્ટબીન, સૂંકા અને ભીના કચરાને સેન્સર દ્વારા અલગ તારવી આપતી કૃતિઓ નિહાળી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન ધોરાજીયા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જી.એમ. સોલંકી, તાલુકા વિકાસ અધિકારી વાઘાણી, શહેરના અગ્રણી અનિરૂદ્ધસિંહ રાઠોડ સહિત બી.આર.સી.,સી.આર.સી ઉપસ્થિત રહ્યા હતા.

### સરપંચે ઉર્જામંત્રીને પત્ર પાઠવી કરી રજુઆત

## અમરેલી : દેવભૂમિ દેવળીયાની પ્રાથમિક શાળામાં શિક્ષકોની જગ્યા ખાલી

### આચાર્ય અને શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માંગ

અમરેલી, તા. ૫

દેવભુમિ દેવળીયા પ્રાથમિક શાળામાં હાલની વિદ્યાર્થી/ભાઈ બહેનોની સંખ્યા ૨૮૮ની ધોરણ ૧ થી ૮ની છે. અને કામ કરતા શિક્ષકોન સંખ્યા ૭ છે. ૧ શિક્ષક નિવૃત થતા ૧ જગ્યા ખાલી છે. અને આ શાળા જતબત શાળા હોય આચાર્યની જગ્યા પણ ખાલી હોય જેથી શાળાની વહીવટી પ્રક્રિયામાં પણ મુશ્કેલી રહે છે. દેવભૂમિ દેવળીયા પ્રાથમિક શાળામાં ખાલી પડેલ શિક્ષકોની જગ્યા નવા શિક્ષકો નિમણુંક આપવા અને આચાર્યની ખાલી પડેલ જગ્યા સત્વરે ભરવા સબંધિત શિક્ષણ વિભાગને કાર્યવાહી થવા સરપંચ ભાવનાબેન સુખડીયાએ ઉર્જામંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

### સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત

## અમરેલી ખાતે આવેલ રૂપાયતન શાળામાં ગીતા જયંતીની આસ્થાભેર ઉજવણી

### ધો. ૫ થી ૮નાં વિદ્યાર્થીઓને ગીતા મહાત્મય સમજાવાયુ



અમરેલી, તા. ૫

અમરેલી સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રાથમિક શાળા રૂપાયતનમાં તા. ૧/૧૨/૨૫ના રોજ ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી.

ધો. ૫ થી ૮નાં વિદ્યાર્થીઓને ગીતા મહાત્મય સમજાવ્યું હતું. મહાભારતના યુધ્ધ સમયે અર્જુનના વિષાદને દુર કરવા, કર્તવ્ય બજાવવા, અધર્મિઓના નાશ માટે, ધર્મની સ્થાપના માટે, આતતાયીઓના વિનાશ માટે શ્રી કૃષ્ણએ જે ઉપદેશ આપ્યો તે જ ગીતાજ્ઞાન છે.

તેમજ હિન્દુ ધર્મના એક પવિત્ર ગ્રંથ સાથોસાથ સમગ્ર માનવજાતના ઉત્થાન માટે, ઉત્તમને શ્રેષ્ઠ માનવ બનવા માટેનું જ્ઞાન એટલે ગીતાગ્રંથ રવજીભાઈ કાચાએ આ વાત સમજાવી હતી.

બાળકોને ઘરેથી લાવેલા ગીતાજી કંકુ તીલક કરી અક્ષત ચોડી, આરતી ઉતારી ભાવથી આરતી ઉતારી હતી. આ પ્રસંગે આચાર્ય આરતીબહેન તથા શિક્ષકો પણ જોડાયા હતા. ધો. ૮ના વિદ્યાર્થી બગડા કિશન કૃષ્ણ બની પ્રસંગને દિપાવ્યો હતો. તથા કૃષ્ણએ તથા અન્ય વિદ્યાર્થીઓએ અને રિયાબેન અગ્રાવતે ગીતા વિષે સમજૂતિ આપી હતી.


અંતમાં બાળકોએ પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરેલ કે તેઓ રોજ ગીતાજીનું એક પાનું વાંચશે.

શ્રધ્ધા અને હદયથી ગીતાજીને વંદન કરી ગીતા જયંતીની ઉજવણી કરી હતી. એમ આચાર્ય આરતીબેન ચાંપાનેરીએ જણાવેલ છે.

## ગાધકડા ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયું

સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા તાલુકામાં આવેલ ગાધકડા ગામે આઈ મોમાઈ આશ્રમ ખાતે આગામી તારીખ.૧૩/૧૨/૨૫ શનિવારના રોજથી તારીખ. ૨૦/૧૨/૨૫ અમાસને શનિવાર સુધી શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી મોમાઈ માતાજીનો ૨૫મો પાટોત્સવ તેમજ પરમ પૂજય પુંજાઆપાના ૮૦૬ વર્ષને અનુલક્ષીને આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાસ્ત્રી નવનીત દાદા જાની (ગાધકડા વાળા) સંગીતમય કથાનું રસપાન કરાવશે. આ ભવ્ય શ્રીમદ્ ભાગવત કથામાં અનેક વિધ મહાનુભાવો ઉપસ્થિત રહેશે તેમજ સંતો મહંતો પણ પધરામણી કરશે. આ કથા દરમિયાન



ગણેશગઢ, કલ્યાણપુર અને ગાધકડા ગામમાં તારીખ. ૨૧/૧૨/૨૫ રવિવારના રોજ ત્રણે ગામ બપોરના પ્રસાદમાં ધુવાડા બંધ રાખેલ છે. તો દરેક ધર્મ પ્રેમી જનતાને કથાનું રસપાન કરવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### નગરસેવિકા સેજલબેનની માંગ

## અમરેલીનાં બહારપરાનાં માર્ગનું ડો. બાબા સાહેબ માર્ગનું નામકરણ કરો

### પાલિકા પ્રમુખને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૫

અમરેલી પાલિકાના વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ પાલિકા પ્રમુખને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બહારપરા, દલીતવાસ પાસેથી જુનો ધારી રોડ પસાર થાય છે જે રોડને આગામી ૬ ડિસેમ્બર–૨૦૨૫ના રોજ ''ડો.બી.આર. આંબેડકર સાહેબ નિર્વાણ દિન'' નિમિત્તે આ રોડને ડો.બી.આર. આંબેડકર સાહેબ માર્ગ નામ આપીને દલિતોની લાગણી અને માંગણી સંતોષાય તો દલિત સમાજમાં આનંદ ઉલ્લાસ વધે.

અમારી માંગણીને તાત્કાલીક ધોરણે ધ્યાનમાં લઈને કાર્યવાહી આગામી ૬ ડિસેમ્બરે આ કાર્યક્રમ થાય તેવી વ્યવસ્થા કરવા માંગ કરેલ છે.

## બાબરા : ભાજપનાં પાયાના પથ્થર સમાન મુકુંદભાઈ જસાણીનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૫

બાબરામાં ભાજપનો પાયો નાખનાર ''પાયાના પથ્થર'' ઘણા વર્ષો સુધી ભાજપના કન્વીનર તરીકે સેવા આપી તેમણે બાબરા નાગરિક બેંકના ડીરેકટર તરીકે સેવા આપી, બાબરા ચેમ્બર્સ ઓફ કોમર્સના ઉપપ્રમુખ તરીકે સેવા આપી, વિશ્વ લેવલના રઘુવંશી સંસ્થા ''લોહાણા મહા પરિષદ''ના યુવા પાંખના મંત્રી તરીકે સેવા આપી, અખિલ ગુજરાત લોહાણા મહાજન સમાજમાં સેવા આપી, અમરેલી રઘુવંશી ફેમીલી કોર્ટ (પંચાયતમાં) સેવા આપી, અમરેલી જિલ્લા રઘુવંશી લોહાણા મહાજન મંત્રી તરીકે સેવા આપી હાલ રીઘેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખ તરીકે તથા બાબરા જલારામ મંદિરના ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. હાલમાં જ અમરેલી સંઘ મંડળના ટ્રસ્ટી તરીકે રાજીનામુ આપી બીજા માટે જગ્યા કરી આપી.

જીવન સંધ્યાએ પહોંચેલા મુકુંદભાઈ જસાણીને મિત્રો તરફથી શુભેચ્છા મળી રહી છે.

## લીલીયા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪ ડિસેમ્બરે યોજાશે

અમરેલી, તા. ૫

લીલીયા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકાકક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધીમાં લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ લીલીયા તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

### શહેર ભાજપ દ્વારા ઉર્જામંત્રીને રજૂઆત

## અમરેલીમાં રાધેશ્યામ સર્કલને 'અટલ સર્કલ' નામ આપવાની માંગ

### સાવરકુંડલા ચોકડી સર્કલનું ''સંતશ્રી ભોજલરામ સર્કલ'' નામ આપો

અમરેલી, તા. ૫

અમરેલી શહેર ભાજપ દ્વારા ઉર્જા અને કાયદા મંત્રી કૌશિક વેકરિયાને રૂબરૂ મળી રજુઆત કરવામાં આવી હતી કે અમરેલીના વિકાસના કાર્ય સાથે અમરેલીની સગવડતા અને સુંદરતા માટે અનેક સર્કલોનું નિર્માણ થતું હોય. જે બાબતે અમરેલીના ગાવડકા રોડ ઉપર રાધેશ્યામ હોટલ પાસેના સર્કલને ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ. અટલ બિહારી બાજપાઈજીની સ્મૃતિરૂપે આ અમરેલીના ગાવડકા રોડ ઉપર રાધેશ્યામ હોટલ પાસેના સર્કલને 'અટલ સર્કલ' નામ આપવામાં આવે



તેમજ અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ ચોકડી ઉપરના સર્કલને અમરેલી 'સંત શ્રી ભોજલરામ સર્કલ' નામ આપવામાં આવે તેવી માંગ કરી હતી.

આ પ્રસંગે અમરેલી શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલીયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, ઉપપ્રમુખ મૌલિકભાઈ ઉપાધ્યાય, નાથુભાઈ ધાંધલ તેમ અમરેલી શહેર ભાજપ મહામંત્રી યોગેશ ગણાત્રાની યાદી જણાવ્યું છે.

### ગીરકાંઠાનાં ગામોમાં વન્ય પ્રાણીઓનો ભય વધ્યો હોય

## અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળામાં સમય ૧૧ થી ૪ સુધીનો જરૂરી

### સાંજ વહેલી ઢળતી હોય બાળકોનાં હિતમાં કરો નિર્ણય

અમરેલી, તા. ૫

હાલમાં ડિસેમ્બર માસમાં શિયાળો બરાબર જામ્યો છે. ત્યારે શિયાળામાં દિવસ ટુંકો થતો જાય છે. અને સાંજ વહેલી ઢળતી જાય છે. ત્યારે અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં અને આજુ બાજુ સિમ વિસ્તારમાં રહેતાં બાળકો શાળાએ છૂટી ઘરે પહોંચે છે. ત્યારે અંધારૂ થઈ જાય છે. તેવાં સંજોગોમાં અમરેલી જિલ્લામાં સૌથી વધુ એશિયાટિક સિંહ પરિવાર વસતો હોય, અને દીપડા ગમે ત્યારે બાળકો ઉપર ઝપટ બોલાવે છે. ત્યારે આવા સંજોગોમાં અમરેલી જિલ્લામાં શિયાળાની ઋતુ દરમિયાન અમરેલી જિલ્લામાંમાં પ્રાથમિક શાળામાંથી છૂટવાનો સમય બે મહિનાનાં પૂરતો એક કલાક વહેલો કરવો જરૂરી બન્યો છે.



અમરેલી જિલ્લો ગીર વિસ્તારમાં આવતો હોય અને છાશવારે જિલ્લાનાં ગીર કાંઠા તથા સિમ વિસ્તારમાં સિંહ દીપડા જેવાં પ્રાણીઓ માનવીઓ તથા પાલતું પ્રાણીઓ ઉપર હુમલા કરે છે. તેમાં પણ ખાસ કરીને બાળકોને નિશાન બનાવી શિકાર કરતાં હોય છે. તાજેતરમાં ધારી તથા બગસરા પંથકમાં આવી ઘટનાં ઘટી છે. ત્યારે આવી વધુ ઘટનાં બને તે પહેલાં જરૂરી પગલાંઓ લેવાં જરૂરી બન્યાં છે.

અમરેલી જિલ્લામાં ચાલતી પ્રાથમિક શાળામાં સવારે ૧૧ થી સાંજનાં ૫ વાગ્યાં સુધી શાળામાં શિક્ષણ કાર્ય ચાલતું હોય છે. ત્યારે શિયાળામાં દિવસ ટુંકો થતો જાય છે. જેથી સાંજ વહેલી થતી જાય છે. અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં અને આજુબાજુ સિમ વિસ્તારમાં રહેતાં બાળકો શાળાએ છૂટી ઘરે પહોંચે છે. ત્યારે અંધારૂ થઈ જાય છે.

આવા સંજોગોમાં અમરેલી જિલ્લામાં ચાલતી પ્રાથમિક શાળામાં સવારે ૧૧ થી સાંજનાં ૫ ના બદલે ૪ વાગ્યાં સુધીનો બે મહિના પૂરતો કરવામાં આવે તો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં અને આજુબાજુ સિમ વિસ્તારમાં રહેતાં બાળકો શાળાએ છૂટી અંધારૂ થાય તે પહેલાં સહી સલામત ઘરે પહોંચે જાય તો અભ્યાસ કરતાં બાળકોની સલામતીને ધ્યાને લઈ તેમજ તાજેતરમાં ધારી તથા બગસરા પંથકમાં આવી ઘટનાં ધ્યાને લઈ અમરેલી જિલ્લામાં ચાલતી પ્રાથમિક શાળામાં સવારે ૧૧ થી સાંજનાં ૪ વાગ્યાં સુધીનો માત્ર બે મહિના પૂરતો કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# અમરેલી : વિદ્યાસભા સ્કુલના વિદ્યાર્થીઓએ ખેલ-મહાકુંભ અને SGFI જિલ્લા કક્ષા યોગાસન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેડલ મેળવ્યો



અમરેલી, SGFI જિલ્લા યોગાસન ચેમ્પીયનશીપ ૨૦૨૫–૨૬નું આયોજન અમરેલી ખાતે થયું, જેમાં જિલ્લામાંથી બોયઝ, અને ગર્લ્સ સ્પર્ધકોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. તેમાં શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલ વિદ્યાર્થીઓએ યોગાસન સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદશન કરી ટોપ થ્રીમાં સ્થાન મેળવેલ, જેમાં ૧) યુ –૧૪ બોયઝ યાદવ ભાર્ગવ જીલ્લા કક્ષા સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. (૨) યુ –૧૭ બોયઝ પટેલ હેનીલ જીલ્લા કક્ષામાં સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. ઉપરોકત બંને વિદ્યાર્થીઓએ રાજય કક્ષા સ્પર્ધામાં ભાગ લઈને સુંદર પ્રદશન કરેલ અને રાજય કક્ષા સ્પર્ધામાં પાર્ટીસીપેટ સર્ટિફિકેટ પ્રાપ્ત કરેલ છે. SGFIમાં જિલ્લા લેવલે શાળા પરીવારનું નામ રોશન કરેલ છે તેમજ તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ ખેલ મહાકુંભ–૨૦૨૫ની યોગાસન સ્પર્ધામાં મેળવેલ સિદ્ધિઓ (૧) યુ –૧૭ પાનેરી કાવ્ય તાલુકા કક્ષામાં ગોલ્ડ મેડલ, જીલ્લાકક્ષામાં સિલ્વર મેડલ(૨) યુ –૧૭ પટેલ હેનિલ તાલુકા કક્ષમાં સિલ્વર મેડલ (૩) યુ –૧૭ કપાસી મુફફડલ તાલુકા કક્ષામાં બ્રોન્ઝ મેડલ. (૪) યુ–૧૪ યાદવ ભાર્ગવ તાલુકા કક્ષમાં ગોલ્ડ મેડલ. (૫) યુ –૧૪ સોલંકી વંદના તાલુકા કક્ષામાં ગોલ્ડ મેડલ. (૬) યુ –૧૪ પંચાલ વિહાન તાલુકા કક્ષામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. નિયમિત યોગ–પ્રાણાયામ–ધ્યાન અને શારીરિક કસરત કરાવવામાં આવે છે. અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા સ્પર્ધકો અને યોગા ટ્રેનર ગોહિલ જયદેવસિંહને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# બે મિત્રોની વાત




એક વાર નારદજી પોતાના મિત્ર પર્વત મુનિ સાથે પૃથ્વી પર ભ્રમણ કરવા નીકળ્યા. નીકળતી વખતે જ બન્ને મિત્રોએ નક્કી કર્યુ હતું. કે તેઓ પોતાના મનની વાત એકબીજાથી નહિ છુપાવે ! તીર્થોની યાત્રાઓ કરતા-કરતા વર્ષાઋતુ આવી પહોંચી. નારદજીએ પર્વતમુનિને કહ્યું :'વરસાદમાં યાત્રા કરવામાં મુશ્કેલી પડશે. પાસે જ રાજાનો મહેલ છે. તેથી આપણે ત્યાં થોભી જઈએ. ચોમાસુ વીત્યે વળી યાત્રા શરૂ કરીશું'બન્ને જયારે રાજા સંજયના મહેલમાં પહોંચ્યા, ત્યારે રાજાએ એમનું ભાવભીનું સ્વાગત કર્યું. રાજાને દમયંતી નામની પુત્રી હતી. તે છોકરી ધર્મિષ્ઠ હવાથી સાધુ સંતોની જ્ઞાનભરી વાતોથી ખૂબ જ પ્રભાવિત થતી.બન્ને જ્ઞાની પુરૂષોને પોતાના મહેલમાં આવેલા જોઈને તે ખૂબ જ રાજી થઈ ! દમયંતીએ નારદજી અને પર્વતમુનિની સરભરાનો ભાર ઉપાડી લીધો.દમયંતી પર્વતમુનિ કરતાં નારદજીથી વિશેષ પ્રભાવિત થઈ ! કારણ એ કે નારદજી વીણા સારી વગાડતા હતા. વળી બન્નેમાંથી જ્ઞાનમાં નારદજી જ વધુ ચડિયાતા ગણાય. એમને જોઈને દમયંતીના મનમાં એક જ વિચાર ઘોળાતો :' મને નારદજી જેવો પતિ મળે, ત કેવું સારૂં !' દમયંતીના નારદજી પ્રત્યેના પક્ષપાતને લીધે પર્વતમુનિ તરફ એનો વ્યવહાર એટલો બધો પ્રેમભર્યો ન હય, તે દેખીતી વાત છે ! તે નારદજીનું વધુપ્રયાન રાખતી ! આમ તો, દમયંતીના સૌંદર્ય પર નારદજી પણ મુગ્ધ બન્યા હતા, તે હકીકત હતી !પર્વતમુનિએ નારદજી અને દમયંતી વચ્ચેનો સંબંધ જોઈને, એક દિવસ મુનિએ નારદજીને કારણ પૂછયું પણ નારદજીએ વાતને ટાળી દીધી. દેખીતી રીતે જ બન્ને વચ્ચે નક્કી થયું હતું કે તેઓ પોતાના મનની વાત એકબીજીથી નહિ છુપાવે, તેનો ભંગ થયો લેખાય !પર્વતમુનિને ક્રોધ ચડ્યો. તે બોલ્યા :'નારદમુનિ, તમે આપણી શરતનો ભંગ કર્યો છે ! મૈત્રીનું વચન નિભાવ્યું નથી. મનની વાત મારાથી છુપાવી છે.પર્વતમુનિનો ક્રોધ જોઈને પણ નારદજી ચૂપ જ રહ્યા. એમના એવા વર્તનને લીધે તો પર્વતમુનિ ક્રોધ જવાળાની જેમ ભભૂકી ઉઠ્યો. એમણે નારદજીને શાપ આપ્યો :હું તમને શાપ આપું છું કે કાલે સૂર્યોદય પછી તમારો ચહેરો વાંદરા જેવો થઈ જશે ! એ પછી શું દમયંતી તમારી સાથે લગ્ન કરશે ?'અત્યાર સુધી શાંત રહેલા નારદજી શાપવચન સાંભળીને ખળ- ભળી ઉઠ્યા ! એમનો ક્રોધ પણ ભભૂકી ઉઠ્યો. એમણે પણ પર્વતમુનિને શાપ આપ્યો :'તું એમ માને છે કે તને જ શાપ આપવાનો અધિકર છે ? શાપ આપવાની શકિત મારામાંય છે. મેં કરેલા વચનના ભંગને કારણે તેં મને શાપ નથી આપ્યો, પણ ઈર્ષાને કારણે તેં શાપ આપ્યો છે !સાંભળ, હું પણ તને શાપ આપું છું કે કાલના સૂર્યોદય પછી તું પણ ક્યારેય સ્વર્ગમાં નહિ જઈ શકે ! તું પૃથ્વી પર જ આકળ વિકળ થઈને ભટકતો રહીશ ! દમયંતી ત્યાં બન્ને માટે ભોજન લઈને આવી હતી. બન્ને ઋષિઓનાં ક્રોધવચનો સાંભળીને તે બોલી :' પર્વતમુનિ, આપે નારદજીને શાપ આપ્યો, તે સારૂં નથી કર્યું. હું તો એમને મનથી વરી ચૂકી છું ! એમના ચહેરો ગમે તેવો થાય, તેની સાથે મારે શી લેવાદેવા ? હું તેમની સાથે લગ્ન કરીશ, નહિતર આ જન્મ કુંવારી રહીશ !'ત્યાં સુધીમા તો પર્વતમુનિનો ક્રોધ શાંત થઈ ગયો હતો. તેમને પસ્તાવો થયો કે એમણે મિત્રનું અહિત નકામું કર્યું. જે દમયંતીએ એમની સેવા કરી, તેને પણ એમણે દુઃખી કરી. તે દુઃખી થઈને બોલ્યા : 'નારદ, હું મારી સમગ્ર તપસ્યા અને સમસ્ત તીર્થયાત્રાનાં પુણ્ય તને આપું છું અને શાપ પાછો ખેંચું છું !'પોતાના સ્વભાવ પ્રમાણે નારદજી પણ હસીને બોલ્યા :'ના, ના, મુનિવર. ભૂલ તો મારી હતી. મેં વચનભંગ કર્યો ! આપ મને ક્ષમા કરો. હું પણ તમને આપેલો શાપ પાછો ખેંચું છું.'

જયારે રાજા સંજયને એ વાતની ખબર પડી, ત્યારે એમણે બન્ને મિત્રોને કહ્યું : 'તમારી મૈત્રી અદ્ભુત અને અતૂટ છે !'

પછી એમણે ધામધૂમથી દમયંતીનાં લગ્ન નારદજી સાથે કર્યા અને પર્વતમુનિ સ્વર્ગલોકમાં પાછા ફર્યા !

# બુધ ગ્રહ પર જીવન શકય છે !

સૂર્યની પરિક્રમા કરતા કુલ આઠ ગ્રહોમાંથી સૌથી નાનો અને સૂર્યની સૌથી નજીકનો ગ્રહ બુધ છે. તેને અંગ્રેજીમાં 'મર્ક્યૂરી'ના નામથી પણ ઓળખવામાં આવે છે. બુધ પર જીવન શક્ય છે કે નહીં તે સહિતની બુધની અન્ય રસપ્રદ બાબતો જાણીએ.

બુધ પર જીવન બિલકુલ શક્ય નથી, કારણ કે અહીં વાયુમંડળ મોસમ રહિત છે. આ ગ્રહના વાયુમંડળમાં પૃથ્વીની જેમ મોસમી (સીઝન) ઘટનાઓ બનતી નથી. અહીં સરેરાશ તાપમાન -૧૭૩ થી ૪૨૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહે છે, જે કોઈ પણ જીવને પળવારમાં જમાવી નાખશે અથવા તો બાળી નાખશે !

**મર્ક્યુરી નામ કેવી રીતે પડ્યું** મર્ક્યુરી નામ એક સંદેશાવાહક રોમન દેવતાના નામ પરથી પડ્યું છે, કારણ કે બુધ ગ્રહ આ દેવતાની જેમ જ આકાશમાં ખૂબ જ ઝડપથી ગમન કરે છે.

– બુધ સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે, જે સૂર્યને ફરતે પોતાનું ચક્કર ૮૮ દિવસમાં જ પૂરૂં કરી દે છે એટલે કે બુધનું એક વર્ષ ૮૮ દિવસનું હોય છે. જોકે, બુધ પર એક દિવસ પૃથ્વીના ૧૭૬ દિવસ જેટલો હોય છે.

બુધ પૃથ્વી પછી બીજો સૌથી વધારે ઘનતા ધરાવતો ગ્રહ છે. અહીં ખનિજોનું પ્રમાણ વધારે છે. બુધ ભારે ધાતુઓ અને ચટ્ટાનોની વિશાળ સંરચનાથી બનેલો ગ્રહ છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે બુધની સપાટી પૃથ્વીના ચંદ્રને ખૂબ જ મળતી આવે છે.

– પૃથ્વીની જેમ બુધ ગ્રહની સપાટી નીચે ટેક્ટોનિક પ્લેટ્સ સક્રિય છે, જેને કારણે આ ગ્રહ પર પણ ભૂકંપ આવતા રહે છે. અહીંની સપાટી પર કેટલાંક પ્રાચીન લાવાવાળા ક્ષેત્ર મળી આવ્યાં છે, જેનાથી જાણકારી મળે છે કે ભૂતકાળમાં બુધ પર જવાળામુખીઓનું અસ્તિત્વ હશે.

– બુધ ગ્રહને સવાર કે સાંજનો તારો પણ કહેવામાં આવે છે, કારણ કે તે સૂર્યોદયના બરાબર પહેલાં અને સૂર્યાસ્તના બરાબર પછી આકાશમાં દેખાય છે. સૂર્યમંડળમાં શુક્ર, મંગળ, ગુરૂ અને શનિ પછી બુધ એક એવો ગ્રહ છે જેને પૃથ્વી પરથી સરળતાથી જોઈ શકાય છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે બુધ સતત સંકોચાઈ રહ્યો છે. ચાર અબજ વર્ષ પહેલાં જયારે બુધ ગ્રહની સપાટી સખત બની હતી ત્યારની સરખામણીમાં આ ગ્રહ સાત કિલોમીટર નાનો થઈ ગયો છે.

બુધ ગ્રહ પર મોટા-મોટા ખાડાઓ જોવા મળ્યા છે. કેટલાક ખાડા તો અનેક કિલોમીટર લાંબા અને ત્રણ કિલોમીટર સુધી ઊંડા છે. એવું માનવામાં આવે છે કે આ ખાડા ઉલ્કાઓના ટકરાવાને કારણે બન્યા હશે. પૃથ્વીની જેમ બુધને પોતાનો કોઈ પ્રાકૃતિક ગ્રહ કે ચંદ્ર નથી.

– બુધની સપાટી પર એક પ્રકારની કરચલીઓ જેવી રચના જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે સૂર્યની વધારે નજીક હોવાને કારણે ત્યાં ગરમી પણ વધારે છે, જેથી ગરમીને કારણે જેમ જેમ ગ્રહનું લોખંડ સંકોચાવાનું શરૂ થયું તેમ તેમ તેની સપાટી પર કરચલીઓ જેવી સંરચના બનતી ગઈ.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# જ્ઞાનમંજરી

**વૈશ્વિક યાત્રા**

(૧) ૧ ઘનફુટ બરાબર કેટલા ઘનમીટર થાય ? – ૦.૦૨૮૩૨ ઘનમીટર
(૨) ૧ વાર બરાબર કેટલા મીટર થાય ? – ૦.૯૧૪
(૩) ૧ રીમ બરાબર કેટલા કાગળ થાય ? – ૫૦૦ કાગળ
(૪) ૧ ડઝન બરાબર કેટલા નંગ થાય ? – ૧૨ નંગ
(૫) ૧ ઈંચ બરાબર કેટલા સેન્ટીમીટર થાય ? – ૨.૫૪ સેમી
(૬) ૧ કિલોમીટર બરાબર કેટલા માઈલ થાય ? – ૦.૬૨
(૭) ૧ તોલા બરાબર કેટલા ગ્રામ થાય ? – ૧૧.૬૬૪
(૮) ૧ મીટર બરાબર કેટલા ફુટ થાય ? – ૩.૨૮ ફુટ
(૯) વિદ્યુત પ્રવાહનું બળ માપતા સાધનને શું કહે છે ? – એમીટર
(૧૦) હવાનું દબાણ માપવાના સાધનને શું કહે છે ? – બેરોમીટર

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## પરબ

ત્રણ ગામના ત્રિભેટે ઘેઘુર વડલાનો વિસામો હોય, ત્યાં ધોમધખતા ઉનાળામાં પરબ હોય, મીઠા-ઠંડા-સ્વચ્છ જળથી નાંદ ભરી હોય ઊટકી ઊટકીને ઊગતા સૂરજ જેવા ચળકતા કળશ્યા હોય, પરબે બેઠેલા માજીનો વ્હાલપ ભીનો સ્વર હોય – 'પીઓ બાપલા ને ઘડીક પો'રો ખાવ !' – ને કોઠામાં ટાઢક ઊતરે, બળબળતી લૂ વચાળે ટાઢો શેરડો રેડાય ને હૈયાની માલીપા માજીનું વાત્સલ્ય રેડાય, એ થયો ભૂતકાળ. આજનું 'વોટર કૂલર' શીતળ જળ તો આપે, પણ લાગણીથી લથબથ વાત્સલ્ય ?

# આત્મ કસોટીની અઘરી એરણ : સ્વમૂલ્યાંકન




રોજ સવારે દર્પણમાં જોઈએ છીએ ત્યારે પહેલી નજર તો નિરીક્ષકની હોય છે અને મોટા ભાગના લોકો પોતાનું નિરીક્ષણ કરીને થોડા વ્યવસ્થિત થઈ દિવસની શરૂઆત કરી દે છે પરંતુ એમાના કેટલાકની નજર પરીક્ષકની નજર હોય છે, જેઓ પોતાને જીવનશાળાના વિદ્યાર્થી માનીને પોતાની જ નજરે પ્રગતિ-અધોગતિનું માપ કાઢતા રહે છે. આંખમાં કદાચ પણ કશુંક છુપાવી શકાતુ હોત તો પણ પોતાની આંખથી જ પોતે કશુંક છુપાવી શકતા નથી. દર્પણ આપણને સ્વમૂલ્યાંકનનો એક ભૌતિક અવસર આપે છે પરંતુ એ નજરની સૂક્ષ્મતાને કારણે ભીતરતનું પરીક્ષણ કરી લે છે. સ્વમૂલ્યાંકન કાંઈ માત્ર દર્પણ દ્વારા જ થતું નથી. રોજ રાત્રે સુતા પહેલાનો એકાંતિક ચિંતનશીલ, વૈચારિક અધ્યાય આપણને સ્વમૂલ્યાંકનની તક આપે છે. બીજાઓએ આપણા વિશે કરેલા ઉચ્ચારો અને આપણી ભુલો પરત્વે કરેલી ટકોર પણ જુદા રસ્તેથી પ્રાપ્ત થતું સ્વમૂલ્યાંક છે. એમાંથી આપણે આપણું રેન્કિંગ જાણી લેવાનું હોય છે. જેઓ આ સતત પ્રક્રિયાથી પોતાની જાતને વંચિત રાખે છે તેઓ વાવના જળની જેમ બંધિયાર જવાની દહેશત રહે છે. પોતાની જાતનું સતત થતું રહેતું મૂલ્યાંકન એ એક લવ્યનો આદર્શ રાજમાર્ગ છે જે તેમને કોઈપણ નિરીક્ષક કે પરીક્ષક વિના ઉચ્ચ કક્ષાની ગુણવત્તા સુધી લઈ જાય છે. નિત્યના પૂજા પાઠ જેટલો જ અંતઃકરણને ઉજાળતો સ્વમૂલ્યાંકનનો મહિમા ઉતાવળી નવી પેઢીએ તો વિશેષ શીખી લેવા જેવો છે.

# ડાહી દીકરી ઉંમરલાયક બાપનો વિસામો છે....




સાસરે બેઠેલી દીકરી ફોન પર માવતરના ખબર અંતર પૂછતી રહે છે. વાત કરતી વખતે ભૂલથી યે જો બાપને ઉધરસ આવી તો બધી વાત પડતી મુકીને તરત જ દીકરી બોલી ઉઠશે....,

"બાપુ ! તમારી તબિયત તો બરાબર છે ને ? શું થયું છે ?"

કંઈ કેટલાયે પ્રશ્નો પૂછી નાખે "કાંઈ જ થયુ નથી" એમ સમજાવતા બાપને નવ નેજા પાણી ચડે. "મારી બાને આપો" કહી મા જયારે ખાત્રી કરાવે કે તારા બાપુને કાંઈ થયુ નથી ત્યારે જ વ્હાલના દરિયા જેવી એ દીકરીનો શ્વાસ હેઠો બેસે !

કામકાજથી પરવારીને થાકયો પાકયો બાપ ઘેર આવે ત્યારે પાણીનો લોટો લઈને દીકરી દોડતી આવે ! દીકરાને આવું ના ફાવે !

# હસબન્ડભાઈનો રમૂજી પ્રસંગ


આશરે ચાલીસેક વર્ષ પહેલાંનો પ્રસંગે છે. એક ગામની માધ્યમિક શાળામાં અકે બહેનમાં જોડાયાં. ગામડામાં હોય તેવું ક ઓશરીએ મકાન. સારો પડોશ. મકાન માલિક દાદા-દાદી સાવ ભોળાં. બહેનના પતિ બીજે ગામ નોકરી કરે. બહેન આ ગામમાં રહેવા આવ્યાં પછી તે બહેનના પતિ પહેલીવાર ત્યાં આવ્યા. ગામમાં કોઈએ જોયેલા નહીં.બહેનને વાતવાતમાં અંગ્રેજી શબ્દો બોલવાનો શોખ. ગામડાની રીતરિવાજ મુજબ મકાન માલિક દાદા મહેમાન આવ્યા જાણીને મળવા ગયા. મળ્યા બાદ બહેનને પૂછ્યું. 'કોણ મહેમાન?' બહેન કહે, 'મારાં હસબન્ડ છે.'દાદા કશું સમજયા નહીં, પરંતુ 'ઠીક' કહીને ચાલ્યા ગયા.એકાદ કલાક પછી મહેમાનને ચા-પાણી માટે બોલાવવા આવ્યા અને બોલ્યા : 'ચલો હસબન્ડભાઈ, ચા પાણી પીવા.'મહેમાન તો આવા સંબોધનથી ડઘાઈ ગયા. બહેન દોડ્યાં "અરે, દાદા, તમે આ શું બોલો છો ? હસબન્ડ એટલે મારાં પતિ – વર એમ થાય."ત્યારે દાદા ભોળાભાવે કહે, "એમ કહોને, મને એમ કે તેમનું નામ હસબન્ડ હશે. તમારાં



ભણેલાં લોકોનું આ દુઃખ ! વાતવાતમાં અંગ્રેજી બોલો."સામે બેઠેલાં હસબન્ડભાઈ હાસ્ય દબાવી ના શક્યા અને ખીલ... ખીલ... કરતું હાસ્ય ખડખડાટ બનીને ધોધમાર વરસી પડ્યું.

**– હસમુખ બોરાણિયા**

# ૧૦. ચાર પરી અને સૂરજદાદા - મીનાક્ષી



ચાર સુંદર મજાની પરીઓ હતી. સૂરજદાદાના દેશમાં ચારેય પરીઓ રહેતી હતી. પરીઓ તો આખો દિવસ આકાશમાં ઊડ્યા કરે. ફર્યા કરે, રમ્યા કરે, બસ ! પરીઓની રાણીએ ચારેય પરીઓને આખા દિવસમાં માત્ર એક-એક કામ જ કરવાનું સોંપેલું ! બાકી આખો દિવસ રમવાનું. અરે... ભણવાનું પણ નહીં ! એટલે ચારેય પરીઓને આમ તો લહેર હતી. માત્ર એક જ વાતનું એમને દુઃખ હતું. ચારેય પરીઓ એક સાથે ક્યારેય રમી શકતી ન હતી ! એક પરીએ તો કામ કરવા જવું જ પડે. એટલે એક સાથે માત્ર ત્રણ પરીઓ જ રમી શકે એકબીજા સાથે ! ચારેય સાથે મળીને ક્યારેય રમી જ ન શકેને !

લાલપરીએ આખા દિવસમાં માત્ર એક કામ કરવાનું રહેતું. અને એ પણ કેવું મજાનું ! સૂરજદાદાને રોજ સવારે ફરવા જવાની ટેવ. એ જયારે ફરવા જવા માટે પોતાના ઘરમાંથી નીકળે, ત્યારે પહેલાં તો આકાશમાં લાલ ગુલાબી રંગો ઢોળીને એમનું સ્વાગત કરવાનું કામ લાલપરીએ કરવાનું. આ કામ માટે, બધાં સૂતાં હોય ત્યારે લાલપરી વહેલી વહેલી ઊઠીને લાલ ગુલાબી રંગોના ઘડા ભરીને તૈયાર રાખે. સૂરજદાદા રથમાં નીકળવાની તૈયારી કરતા હોય, એમના ઘોડાઓને થપથપાવતા હોય, ત્યાં જ લાલપરી એક ઘડામાંથી પહેલાં તો થોડું થોડું ઝાકળ છાંટી દે ! પછી લાલ-ગુલાબી રંગોના ઘડા લઈ ગોળ ગોળ ફરતી જાય, અને છાંટતી જાય. વળી ક્યાંક કોરૂં રહી ગયેલું લાગે તો પિચકારી લઈને મંડી પડે. થોડીવારમાં સૂરજદાદા એમની સાત ઘોડાની બગીમાં સોનેરી મુગટ પહેરીને નીકળે, ત્યારે લાલપરીએ છાંટેલું ઝાકળ અને લાલ-ગુલાબી રંગેલું આકાશ જોઈને લાલપરી પર ખૂબ જ ખુશ થાય, અને નીકળી પડે ફરવા એ તો ! જયાં સુધી એમનો રથ જતો દેખાય ત્યાં સુધી લાલપરી એમને જોતી ઊભી રહે. સૂરજદાદા આકાશમાં ખાસ્સા ઊંચે ચડી જાય ત્યારે છેક લાલપરીનું કામ પુરૂં થાય. એટલે લાલ પરી પોતાને ઘેર પાછી આવે. એ ઘેર પહોંચે ત્યાં નીલપરી બારણે એની રાહ જોતી ઊભી જ હોય ! કારણ કે હવે કામ પર ચડવાનો મીલપરીનો સમય થયો ! લાલપરી-નીલપરી એકબીજાને મળે ન મળે ને નીલપરી તરત કામ પર રવાના થઈ જાય ! હવે આકાશમાં તો એવું, કે આકાશ આખ્ખું મઝાનું નીલ રંગનું ! એક પણ ડાઘ વગરનું ! પ...ણ, પેલાં તોફાની વાદળો ખરાંને ! એ તો બસ આમ-તેમ દોડયાં કરે આકાશમાં અને આખ્ખા આકાશમાં સફેદ રૂ જેવા ડાઘ મૂકતા જાય ! નીલ પરી વાદળોની પાછળ પાછળ દોડયા કરે, અને આકાશમાં પડેલા હાથ પોતું મારીને લૂછતી જાય ! તોફાની વાદળોને ભગાડતી જાય ! આમ આખ્ખો દિવસ એમની દોડાદોડી ચાલ્યા કરે, અને આકાશ આખ્ખું ચોખ્ખું ચણાંક રહ્યા કરે, ઝગારા માર્યા કરે ! ત્યાં તો સાંજ પડવાની તૈયારી થાય, અને નીલપરીનું કામ પૂરૂં થાય, એટલે આમ નીલપરી પોતાના ઘર ભણી રવાના થાય, અને આમ તોફાની વાદળો પાછા આવી જાય આકાશમાં ! નીલપરી તો ઘેર પહોંચીને હજુ વાદળોના તોફાનોની વાતો કરે છે, ત્યાં સોનપરીને ઉતાવળે જવું પડે સૂરજદાદાના સ્વાગતની તૈયારી માટે. સાંજ પડ્યે શૂરજદાદા થાકીને ઘેર આવતા હોય ત્યારે એમને ખુશ કરવાનું કામ સોનપરીનું. લાલ-ગુલાબી રંગોની સાથે કેસરી, જાંબુડિયા અને સોનેરી રંગો આકાશમાં આમતેમ ઢોળીને સોનપરી સૂરજદાદાને ખુશ કરી દે ! સાથે સાથે આકાશમાં ફરતાં વાદળો અને આમતેમ ઊડતાં પંખીઓ પણ ખુશ થઈ જાય ! એમને ખુશ થતાં જોઈને સોનપરી ફરીથી પીંછી પર નવો રંગ લે, અને આકાશમાં એક લસરકો પાડી દે. ફરીથી પંખીઓ એ લસરકા ફરતે ઊડવા લાગે. પંખીઓને પોતાની આસપાસ ઊડતાં જોઈ રંગો પણ આકાશમાં આમતેમ ફેલાતા જાય. ક્યારેક પંખીની પાંખ પર રંગો ફેલાય, તો ક્યારેક ખેતર પર, ઝરણા પર, તળાવ કે દરિયા પર ફેલાય. આગગાડી પર ફેલાય, તો ક્યારેક ઘાસ પર કે ઝાડ પર ફેલાય. આખ્ખા આકાશમાં પથરાયેલાં રંગોની વચ્ચે પંખીઓ તો ઊડ્યા જ કરે, ઊડ્યા જ કરે; તે છેક અંધારૂં થઈ જાય ત્યાં સુધી ! આ જોઈ સોનપરી પણ ખુશ, અને સૂરજદાદા પણ ખુશ ! બંને પોતાને ઘેર જાય ! સોનપરી ઘેર પહોંચે, અને રંગોની અને પંખીઓની વાતો કરે, ત્યાં તો રૂપલપરીનું કામ શરૂ થાય. રૂપલપરીનું તો એવું, કે એ તો એક જ રંગ પોતાની પાસે રાખે. રૂપેરી ! આખા આકાશમાં દેખાય એટલી બધી જ વસ્તુઓને એ તો રૂપેરી રંગે રંગવાલાગે. ચાંદો, તારા, ધરતી, ખેતર, વાદળ, ઝાડ, પર્વત, ઘર, મંદિર... રૂપલપરીને તો જે કંઈ દેખાય, એને રૂપેરી રંગે રંગી નાખે ! જયાં જયાં અંધારૂં દેખાય, ત્યાં ત્યાં રૂપેરી રંગ છાંટી દે ! એટલે સુધી કે કાળું ડીબાંગ આકાશ પણ રૂપેરી રંગે ઝગારા મારવા માંડે ! છેક વહેલી સવારે રૂપલપરીનું કામ પૂરૂં થાય, એ ઘેર પહોંચે, ત્યાં તો લાલપરી સૂરજદાદાનું સ્વાગત કરવાની તૈયારીમાં લાગી ગઈ હોય ! આમ, ચારેય પરીઓ આમ તો બહુ ખુશ રહેતી. પણ ચારેયને સાથે રમવાનું બહુ મન થયું, પણ એવો સમય આવે જ નહીંને ! એમણે તો આ વાતની ફરિયાદ કરી પરીઓની રાણીને. પરીઓની રાણીએ એમની ફરિયાદ પહોંચાડી સૂરજદાદાને ! સૂરજદાદા તો હસતા હસતા કયે, કંઈ વાંધો નહીં. આપણે એમને સાથે રમવા પણ દેશું. પરીરાણી પૂછે, કે એવું તો કેવી રીતે થાય ? તો તો પછી કામ સાવ બંધ જ થઈ જાયને ? તો સૂરજદાદા કૃયે, 'ના રે, કામ કાંઈ સાવ બંધ થોડું કરાય? આપણે દરરોજ સવાર-બપોર-સાંજ અનેરાત તો પાડવા જ પડેને ? પણ વચ્ચે વચ્ચે થોડા દિવસો એમને રમવાનો સમય આપતા રહીશું ! આખ્ખા વરસમાં ચારેક મહિના એવા રાખીશું, જયારે ચારેય પરીઓ સાથે રમી શકે, બરાબર ? બસ, ત્યારથી ચોમાસાના ચાર મહિના આપણી ચારેય પરીઓને સાથે રહેવા, સાથે રમવા મળે છે. ચોમાસામાં સવારે લાલપરીને સવારે કામમાંથી છુટ્ટી હોય, કારણકે સૂરજદાદા ફરવા નીકળે જ નહીંને! આખ્ખો દિવસ વાદળ પાછળ લપાઈને શાંતિથી સૂઈ જ રહે ! સૂરજદાદાએ વાદળને આકાશ બગાડવાની છૂટ આપી દીધી, એટલે નીલપરીને આકાશ ચોખ્ખું કરવાની કડાકૂટમાંથી છુટ્ટી ! સાંજે પણ સૂરજદાદા વાદળો પાછળ છુપાયેલા રહે, એટલે સોનપરીએ પણ સાંજના રંગી ઢોળીને એમનું સ્વાગત કરવાનું ન હોય! છુટ્ટી! અને રાતે તો બા... પ રે ! વાદળો આખ્ખું આકાશ કાળું ડીબાગ કરી મૂકે. ચાંદાને પણ દેખાવા ન દે, અને તારાને પણ દેખાવા ન દે ! પછી રૂપલપરી રૂપેરી રંગ છાંટે તોપણ કોના પર ? એટલે એને પણ છુટ્ટી ! આમ, ચારેય પરીઓને થોડા દિવસો કામમાંથી છુટ્ટી ! બસ આખો દિવસ રમ્યા જ કરવાનું! ક્યારેક પાંચિકા રમે ! ક્યારેક સંતાકૂકડી રમે ! હા, ક્યારેક ચારેય પરીઓને બહુ મન થાય કંઈક કરવાનું, તો સાંજે ચારેય ભેગી થાય અને બધા રંગોને થોડા થોડા, એક પીંછી પર લઈને ક્યારેક આકાશમાં એકસુંદર મેઘધનુષ બનાવે, તો ક્યારેક સફેદ વાદળોની કિનારીને સોનેરી, લાલ, કેસરી કે રૂપેરી રંગે રંગી નાખે. રૂપલપરી તો બધાં જ કાળાં વાદળને શોધી શોધીને એની કિનારીને રૂપેરી બનાવી દે ! તોફાની વાદળો પાછા દોડાદોડી કરી મૂકે, રંગોને આમ તેમ વિખેરી મૂકે. પંખીઓ રંગોની અને વાદળોની દોડાદોડી જોતાં રહે. અને આખ્ખા આકાશમાં ઊડ્યાં કરે, ઊડ્યાં કરે !

# હસવાની મનાઈ છે.

**પંચવર્ષીય યોજના ?**

લખપતિ લલિતાદેવીએ નવા માળીને સૂચનાઓ આપવા માંડી : 'તારે તમામ ઘાસ કાપીને એકસરખું બનાવી દેવાનું, નકામા છોડ ઉખાડી




ફેંકવાના, કૂંડાંઓમાં ગુલાબ, બારમાસી અને ચાઈનીઝ રોઝ વાવવાનાં, ગુલબાસની ક્યારીઓ કરવાની, શાકભાજી વાવવાનાં અને વીણવાનાં અને ખુલ્લા પ્લોટમાં શેરડી ઉગાડવાની અને...'માળી અધવચ્ચે જ બોલી ઊઠ્યો, "શેઠાણીજી, આ તમે મારૂ રોજનું કામ કહી રહ્યાં છો કે પંચવર્ષીય યોજનાનો ખ્યાલ આપી રહ્યા છો ?"**ઉસ્તાદી**

ચુની : દીકરા છનુ, દુનિયામાં કોઈ એક કામ તો એવું હોવું જોઈએ જે આપણે બીજા કરતાં સારૂં કરી શકીએ. દાખલા તરીકે બીથોવન બીજા કોઈના પણ કરતાં સંગીત સારૂં બજાવી શકતો. તું એવું કશું કરી શકે છે ખરો ?છનિયો : હાસ્તો ! એક વસ્તુ હું બીજા કોઈના પણ કરતાં વધુ સારી રીતે વાંચી શકું છું – મારા હસ્તાક્ષર !**દસ મિનિટને બદલે**

નાયી : મારી દુકાન હંમેશાં એવા લોકોથી ઊભરાયેલી રહે છે જેમને સવારમાં દાઢી કરવા માટે દસ મિનિટની ફુરસદ રહેતી નથી, પણ અહીં ઊભા રહેવા માટે અર્ધો કલાક મળે છે !**દૂર દૂર આરા...**ચુનીલાલ પોતાના અમેરિકન મહેમાનને પોતાના દેશની વિશાળતાનો ખ્યાલ આપી રહ્યા હતાઃ હું અગર દેશના એક છેડાથી બીજા છેડા સુધી પોતાની મોટર લઈને નીકળું તો દસ દિવસેય પોતાના લક્ષ્યસ્થાને પહોંચું નહિ. અમેરિકન : "હોય ! ગયે વરસે મારી પાસે પણ એવી જ કાર આવી ગઈ હતી."

# આ મારું ચિત્ર છે




હાડા દિવ્યાંબા કે.
( ધોરણ-૧૨, પી.એન.વોરા વિદ્યાની કેતન રૂપાયતન)

ચાવડા નિકુંજ સુરેશભાઈ
(ધોરણ-૧૧, કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય)

પરમાર જય મનીષભાઈ
( ધોરણ-કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય)

ધાનાણી મુકુંદ દિપકભાઈ
( ધોરણ-૪૯, દિપક હાઈસકુલ )

# બગસરા : બી.આર.સી. ભવન ખાતે તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરીત તથા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન અને જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલી માર્ગદર્શિત બગસરા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી તેમજ બી.આર.સી. ભવન બગસરાના સંયુકત ઉપક્રમે યોજાયેલ. જેમાં, જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા, નગરપાલિકા સદસ્ય મુકેશભાઈ, દિવ્યેશભાઈ દુધરેજીયા, વિપુલભાઈ ગજેરા, તાલુકા શિક્ષક શરાફી મંડળી પ્રમુખ જીજ્ઞેશભાઈ ઠુમર, મંત્રી હાર્દિકભાઈ બાવીસી, કૃતિ તૈયાર કરનાર બાળ વૈજ્ઞાનિકો તથા માર્ગદર્શક શિક્ષકો ઉપસ્થિત રહેલ. બગસરા તાલુકાની કુલ ૨૫ કૃતિઓ આ વિજ્ઞાન પ્રદર્શનમાં મુકવામાં આવેલ જેમાંથી શ્રેષ્ઠ ૫ કૃતિઓને જિલ્લા કક્ષાએ મોકલવા માં આવશે.આ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકોને બગસરા તાલુકા પ્રાથમિક સંઘ તથા શિક્ષક શરાફી મંડળી દ્વારા શૈક્ષણિક કીટ તેમજ તમામ બાળકોને બી.આર.સી. ભવન દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં બી.આર.સી. ભવન બગસરાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ.

## અમરેલી : સનરાઈઝ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૫

સનરાઈઝ ફાઉન્ડેશન અમરેલી દ્વારા ૩ ડિસેમ્બરે એટલે આજ રોજ વિ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ડિસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર વિભાગમાં અલગ અલગ થેરાપી માટે આવતા દિવ્યાંગ બાળકો જેમાં ડાઉન સીન્ડોમ, ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, લર્નિંગ જેવા રોગ ધરાવતા દિવ્યાંગ બાળકો સાથે અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં ચિત્રમાં કલર પુરવા ચિત્ર દોરવું વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી હતી. ત્યારબાદ કેક કાપી અને બાળકોને અને આવેલા માતા–પિતાને નાસ્તો કરાવ્યો હતો. દિવ્યાંગ દિવસનું આયોજન કરવા બદલ તમામ દિવ્યાંગ બાળકોના વાલીએ સનરાઈઝ ફાઉન્ડેશન અમરેલી અને ડિસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર આભાર વ્યક કર્યો હતો

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૫૦ | ૧૨૭૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૩૧ | ૧૧૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૫૯ | ૧૩૩૫ |
| ૪ | શિંગ મોટી | ૭૭૦ | ૧૩૧૧ |
| ૫ | શિંગદાણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૩૨૫ | ૨૧૯૯ |
| ૭ | તલ કાળા | ૩૧૩૦ | ૫૩૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૧૪૦ | ૨૪૬૨ |
| ૯ | જુવાર | ૭૩૦ | ૯૯૯ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૬૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૭ |
| ૧૨ | મકાઈ | ૪૫૦ | ૪૯૦ |
| ૧૩ | મગ | ૮૦૦ | ૧૬૪૦ |
| ૧૪ | અડદ | ૬૯૦ | ૧૧૧૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૬૬ |
| ૧૬ | સફેદ ચણા | ૮૯૦ | ૧૦૭૦ |
| ૧૭ | તુવેર | ૬૬૫ | ૧૨૦૦ |
| ૧૮ | કપાસ | ૮૪૦ | ૧૫૪૧ |
| ૧૯ | એરંડા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| ૨૦ | જીરૂ | ૨૦૨૫ | ૩૮૬૫ |
| ૨૧ | ધાણા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૨૨ | અજમા | ૧૩૪૦ | ૧૬૦૦ |
| ૨૩ | મેથી | ૭૨૨ | ૮૨૫ |
| ૨૪ | સોયાબીન | ૭૩૧ | ૮૮૦ |
| ૨૫ | મરચા લાંબા | ૮૦૦ | ૩૪૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **કિસાન મહાપંચાયત યોજાશે**

મુખ્યમંત્રી ભગવંત માન સહિત નેતાઓ હાજર રહ્યા હતા. તે દરમ્યાન આમ આદમી પાર્ટીએ આહવાન કર્યુ હતું કે તમામ લોકસભામાં એક–એક કિસાન મહાપંચાયત કરવામાં આવશે. તે અંતર્ગત આગામી ૭ ડિસેમ્બર અમરેલીના સીટીઝન પાર્ક ખાતે બપોરે ત્રણ વાગે કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોમાં સરકાર વિરૂધ્ધ એટલો આક્રોશ છે કે સામેથી ટ્રેકટરો ભરી ભરીને કિસાન મહાપંચાયતમાં જોડાવાના છે. બાદમાં નિકુંજ સાવલિયાએ ખેડૂતોના હક માટેની આ મુહિમમાં તમામ ખેડૂતોને અહીં હાજર રહી આ તાનાશાહી સરકારનાં આંખ, કાન અને નાક ખોલવા માટે આહવાન કર્યુ હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૩ | ૧૫૨૩ |
| ૨ | કપાસ કોડી | ૧૦૮૬ | ૧૩૩૦ |
| ૩ | મગફળી | ૧૦૨૬ | ૧૨૮૬ |
| ૪ | જુવાર સફેદ | ૯૪૫ | ૯૪૫ |
| ૫ | સોયાબીન | ૭૦૬ | ૭૦૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૪૯૬ |
| ૨ | કપાસ કોડી | ૯૭૫ | ૧૧૦૦ |
| ૩ | મગફળી | ૮૫૧ | ૧૨૭૬ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૨૮ |
| ૫ | ચણા | ૯૬૫ | ૧૦૪૬ |
| ૬ | અડદ | ૯૦૦ | ૧૦૬૦ |
| ૭ | ધાણા | ૧૩૪૦ | ૧૮૦૦ |
| ૮ | સફેદ ચણા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૯ | શીંગદાણા | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૧૦ | તલ કાળા | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ૧૧ | મેથી | ૮૦૫ | ૮૦૫ |
| ૧૨ | સોયાબીન | ૭૬૦ | ૮૬૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૩૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૨ |
| ૪ | તલ કાળા | ૪૩૮૦ | – |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૦૩૫ |
| ૬ | કપાસ | ૧૦૫૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૧૮ | – |
| ૧૦ | અડદ | ૧૦૮૦ | – |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૪૨ |
| ૧૨ | ધાણા | ૮૬૦ | ૧૪૦૧ |
| ૧૩ | સોયાબીન | ૬૪૦ | ૮૦૯ |
| ૧૪ | રજકા બી | ૬૭૦૩ | – |

પાના ૧ ઉપરનું ચાલું **ચલાલા નજીકથી રેશનિંગનાં**

આપાભાઈ વાળાના માલિકીનાં ચલાલા નજીક આવેલ મીઠાપુર (ડુંગરી) ગામે ચલાલા–બગસરા રોડ ઉપર એસાર પેટ્રોલ પંપની પાછળ આવેલ ભાડાના ગોડાઉનમાં ગત તા. ૨૩/૬/૨૫ ના રોજ બપોરનાં ૨:૪૫ વાગ્યે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાશનકાર્ડ ધારકોને વિતરણ થયેલ અનાજનો જથ્થો જેમાં ચોખા ૯૯૭૦ કિલો ગ્રામ, ઘઉં ૩૦૯૦ કિલો ગ્રામ તથા સાવરકુંડલા ગામે રહેતાં પ્રતાપભાઈ રવજીભાઈ ભટ્ટીની માલિકીનાં એક વાહન નં. જી.જે.–૧૩ એડબલ્યુ– ૭૨૫૭ મળી કુલ રૂપિયા ૬,૦૫,૭૧૦નો માલ રાખીને જે હકિકતવાળી જગ્યાએ તપાસ દરમ્યાન હાજર મળી આવેલ.

બાદમાં સ્થળ પર આરોપીઓને ધારી મામલતદાર પુરવઠા વિભાગે હકિકતની સમજ કરીને, સ્થળ પર બોલાવીને તપાસ કરતા આરોપીઓ દ્વારા કોઈ સંતોષકારક જવાબ કે આધાર પુરાવાઓ રજુ ન કરતા આ મુદામાલ સીઝર કરવામાં આવેલ હતો.

ઝડપાયેલ જથ્થો વિવિધ ફેરીયાઓ પાસેથી ખરીદ કરીને, ગોડલ માર્કેટ યાર્ડે ખાતે વહેંચી નાંખવાનુ આરોપીઓ દ્વારા જણાવેલ હતું. ગ્રાહકો પાસેથી અનધિકૃત રીતે ખરીદ કરીને ગોડાઉનમા અનધિકૃત એકત્રિત કરીને, ઉંચા ભાવે વેચાણ કરીને એકબીજાએ મદદગારી કરીને ગુન્હો કરેલ હોય. જેથી ધારીના ઈન્ચાર્જ મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સંજયસિંહ કુંવરસિંહ ગોહિલે ચલાલા પોલીસમાં ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ ૧૯૫૫ ની કલમ–૩, ૭ તથા બીએનએસ ૨૦૨૩ ની કલમ–૫૪ મુજબ ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૫૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૨૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૦૯ | ૧૩૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૨૦ | ૨૦૭૦ |
| ૫ | તલ કાળા | ૩૨૨૦ | ૪૮૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૯૦ | ૩૯૮૦ |
| ૭ | ઘઉં | ૪૬૦ | ૫૬૦ |
| ૮ | ચણા | ૯૭૫ | ૧૨૨૦ |
| ૯ | સોયાબીન | ૮૧૦ | ૮૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૦ |
| ૪ | અડદ | ૮૦૦ | ૧૦૦૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૫૧ |
| ૬ | ધાણા | ૧૬૦૦ | ૧૯૩૦ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૮ | રજકાબી | ૭૬૦૦ | ૭૬૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૫ |
| ૧૦ | સોયાબીન | ૬૦૦ | ૮૮૦ |
| ૧૧ | લસણ | ૩૦૦ | ૩૬૦ |
| ૧૨ | મગફળી | ૬૦૦ | ૧૦૪૦ |
| ૧૩ | ચણા સફેદ | ૯૮૦ | ૯૮૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૧૮૦ | ૧૩૦૦ |
| ૧૫ | તલ કાળા | ૪૪૫૦ | ૪૪૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા ખાતે રાજય સરકાર દ્વારા**

કે, રાજય સરકારે વિકાસની નવી કેડી કંડારતા અમરેલી જિલ્લાને હંમેશા ઉદાર હાથે સહાયતા કરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી આયુષમાન યોજનાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજય સરકારની રૂા. ૦૫–૦૫ લાખની સહાય આપી નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે. વર્ષો પહેલા સાવરકુંડલાની બ્લડ બેંકની માંગ પુરી કરી રાજય સરકારે પ્રથમ સરકાર સંચાલિત બ્લડ બેંક સાવરકુંડલાને આપી છે.

આ પ્રસંગે આયોજિત રકતદાન કાર્યક્રમ અંતર્ગત રકતદાન કરનારા દાતાઓને રાજયમંત્રીએ પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, રકતદાન એ લોહીનું અનોખું સગપણ છે. રકતદાન દ્વારા એક પરિવારનું જીવન બચી શકે છે અને જીવનની નવી જયોત પ્રજવલ્લિત થાય છે. રકતદાનની કિંમત કટોકટીના સમયમાં સમજાય છે. આ પ્રસંગે રાજય મંત્રીએ અમરેલી જિલ્લાને પ્રથમ સંપૂર્ણપણે સરકાર દ્વારા સંચાલિત બ્લડ બેંકની ભેટ આપવા બદલ રાજય સરકાર અને આરોગ્ય મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયાનો આભાર વ્યકત કર્યો હતો. આ સાથે તેમણે બ્લડ બેંકને ધરાતળ પર કાર્યરત કરવા માટે સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે સાવરકુંડલા–લીલીયા મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, સાવરકુંડલા શહેરની આ સિવિલ હાસ્પિટલને રાજય સરકારે પ્રથમ સરકારી બ્લડ બેંક મંજૂર કરી સમગ્ર વિસ્તારનો પ્રશ્ન હલ કર્યો છે. આ હોસ્પિટલના પરિસરમાં આગામી દિવસોમાં રૂા. ૫૫ કરોડના ખર્ચે રાજય સરકાર દ્વારા ૧૫૦ બેડની નવી બિલ્ડીંગ બાંધવાની મંજૂરી પણ આપવામાં આવી છે. સાવરકુંડલાની શખાવતી પ્રવૃત્તિ અને સેવાભાવી સંસ્થા સદભાવના દ્વારા આયોજિત રકતદાન કેમ્પથી આ બ્લડ બેંકની શરૂઆત નાગરિકોને જરૂરિયાતના સમયે મદદ કરશે.

આ કાર્યક્રમમાં ૧૦૯ વખત રકતદાન કરનારા પ્રવિણભાઈ સાવજનું મંત્રીના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ ધોરાજિયા, સર્વે સભ્યો, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ લાખાણી, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી જોશી, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને નગરના અગ્રણીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૫૧૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૯૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૧૦ | ૧૯૦૨ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૪૨૦૦ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૪૭૯ |
| ૫ | બાજરો | ૩૮૧ | ૪૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૧ |
| ૭ | જુવાર | ૪૮૧ | ૧૦૧૬ |
| ૮ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ૯ | અડદ | ૭૦૦ | ૧૩૬૦ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૬૧ |
| ૧૧ | ધાણા | ૧૩૦૧ | ૧૪૦૧ |
| ૧૨ | મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૩ | સોયાબીન | ૬૬૧ | ૮૧૧ |

# સાવરકુંડલા પંથકની ગૌશાળામાં દેશની અનોખી ટ્વીન્સ ગીર ગાયો જોવા મળે છે



અમરેલી જિલ્લાનું ગૌવંશ સંવર્ધનક્ષેત્રે ગૌરવ વધારતું એક અનોખું મોડેલ સામે આવ્યું છે. સાવરકુંડલા નજીકના પશુપાલક પ્રદીપભાઈ પરમારની ગૌશાળામાં એવી ટ્વીન્સ ગીર ગાયો છે, જે માત્ર ગુજરાત નહીં પરંતુ ભારતભરમાં ઓછા જોવા મળે છે. ગીર જાતિની ગાયમાં ટ્વીન્સ જન્મવાનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે, તેથી આ પ્રજનન વૈજ્ઞાનિક દ્રષ્ટિએ અત્યંત મૂલ્યવાન ગણાય છે. તેઓએ છેલ્લા ૪૫ વર્ષથી ગીર ગાયનું પાલન કરી રહ્યા છે. તેઓ ગ્રેજયુએટ અભ્યાસ કર્યા બાદ પરિવારની પરંપરા આગળ વધારી ગૌશાળા સંચાલન કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે આ ટ્વીન્સ ગાય બંને એક જ માતાથી જન્મેલી છે અને હાલ બીજા લેટેશનમાં છે. ખાસ વાત એ છે કે આ ગાયોના રંગમાં વિશિષ્ટતા જોવા મળે છે "બ્લેક એન્ડ વ્હાઈટ કલર કોમ્બિનેશન અને એન્ટિક શેડ, જે ગીર જાતિમાં અતિ દુર્લભ છે." ગુજરાત નહીં, આખા ભારતમાં આવી ટ્વીન્સ ગીર ગાયો જોવા નહીં મળે. ગીર ગાયમાં કરવામાં આવેલા બ્રિડિંગથી આ અનોખી કલર અને ગુણવત્તા જોવા મળી રહી છે. આ બંને ગાયો હાલમાં વેટર વિહન છે અને એક ટાઈમમાં ૯ લીટર જેટલું દૂધ આપે છે. વધુમાં, તેઓ આગામી ૧૫ થી ૨૦ દિવસમાં ફરી વિહન કરવા જઈ રહ્યા છે. જેના કારણે તેમની દુધક્ષમતા અનેપ્રજનન ક્ષમતા બંને સુધરેલી ગણાય છે. ગીર ગાયના ભાવ ફિક્સ નહીં હોવા છતાં પણ આ ટ્વીન્સ માટે રાજય બહારથી ૧૧ લાખ સુધીની માગ આવી છે. પરંતુ પ્રદીપભાઈએ આ ગાયોને વેચવાનો કોઈ ઈરાદો નથી. તેઓ સ્પષ્ટ જણાવે છે : આ ગાય બ્રિડિંગ માટે રાખી છે. ગીર ગાયનું રક્ષણ અને સંવર્ધન જ અમે પ્રાથમિકતા રાખીએ છીએ. આ ટ્વીન્સ ગાયોના એન્ટિક રંગનું રહસ્ય પણ રસપ્રદ છે આ ગાયોની માતા શુદ્ધ ગીર છે અને પિતા બ્રાઝીલથી આયાત કરાયેલ છે, જેના કારણે અનોખો કલર અને જિનીટીક સુધારો જોવા મળે છે. આ દુર્લભ ટ્વીન્સ ગીર ગાયો માત્ર અમરેલીનું ગૌરવ નથી, પરંતુ ભારતીય ગૌવંશની શકિત અને સંશોધન ક્ષમતાનું જીવંત ઉદાહરણ છે. પ્રદીપભાઈ જેવા પશુપાલકોના સંકલ્પથી જ ગીર ગાયનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ તેજસ્વી બની રહ્યું છે. ભારતની આ અનોખી ટ્વીન્સ ગીર ગાયો હવે સંવર્ધન અને ગૌ સંરક્ષણમાં પ્રેરણારૂપ બની છે.

# અમરેલી : રાજયપાલના અધ્યક્ષ સ્થાને વિશ્વ માટી દિન નિમિતે રાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું










ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ વિશ્વ માટી દિવસ નિમિત્તે ગુજરાત નેચરલફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (GNFSU), અમરેલી સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા 'ભૂમિ સુપોષણ' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિષદ (નેશનલ કોન્ફરન્સ)નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદનું આયોજન ઓનલાઈન પ્લેટફોર્મ પર કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરમાંથી કૂલ ૧૯૮૧ કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધકો, અપ્રયાપકો અને વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી આ પહેલમાં ભાગ લીધો હતો. આ નેશનલ કોન્ફરન્સમાં ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ મુખ્ય અતિથિ તરીકે ઓનલાઈન પ્લેટફોર્મ પર ઉપસ્થિત રહી, સહભાગીઓનું માર્ગદર્શન કર્યું હતું. રાજયપાલે તેમના પ્રેરક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ''વિ માટી દિવસની ઉજવણી જમીનના સ્વાસ્થ્ય અને તેના સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.'' તેમણે પ્રાકૃતિક ખેતીના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, ''ભૂમિ સુપોષણ માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એ રામબાણ ઈલાજ છે. તેનાથી જમીનની ફળદ્રુપતા વધે છે અને ખેડૂતોનો ખર્ચ ઘટે છે.'' તેમણે ગુજરાત નેચરલફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા થઈ રહેલા સંશોધન કાર્યોની સરાહના કરી હતી. નેશનલ કોન્ફરન્સની શરૂઆતમાં કોલેજ ઓફ નેચરલફાર્મિંગના પ્રિન્સિપાલડો. એસ. પી. દેશમુખએ સ્વાગત પ્રવચન કરીને કોન્ફરન્સના હેતુ પર પ્રકાશ પાડ્યો હતો અને સમગ્ર પરિષદની રૂપરેખા રજૂ કરી હતી.આ ઉપરાંત ગુજરાત નેચરલફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના કુલપતિએ કહ્યું કે, ''આ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાકૃતિક ખેતી દ્વારા ભૂમિના સ્વાસ્થ્યને પુનર્જીવિત કરવાનો છે અને આ પરિષદ તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.'' આ ઉપરાંત, કોન્ફરન્સમાં નીચેના મુખ્ય વિષયો જેવા કે પ્રાકૃતિક ખેતીમાં ભૂમિ સુપોષણની ભૂમિકા, દેશી ગાય આધારિત ખેતી દ્વારા જમીનના કાર્બનનું સંવર્ધન, જમીનના સૂક્ષ્મ જીવોનું મહત્વ, રાસાયણિક ખેતીથી જમીન પર થતી આડઅસરો પર વૈજ્ઞાનિક પત્રો અને સંશોધન તારણો રજૂ કરવામાં આવ્યા હતા જેમાં પ્રો. (ડો.) બલજીત સહારન અને ડો. કૌશલ પ્રજાપતિ સહિત અન્ય મહાનુભાવોએ ઓનલાઈન પ્લેટફોર્મ પરથી ભૂમિ સુપોષણ અને માટી સંરક્ષણની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, પડકારો અને ભવિષ્યની દિશા અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપ્યું હતું. અને પ્રાકૃતિક ખેતી એક માત્ર ઉપાય છે તેમ સૂચવ્યું હતું. આ કોન્ફરન્સમાં રજૂ થયેલા સંશોધનો અને ચર્ચાઓ ભૂમિ સુપોષણ અને પ્રાકૃતિક ખેતીના વ્યાપને વધારવામાં મદદરૂપ થશે. કોલેજ ઓફ નેચરલફાર્મિંગ, ગુજરાત નેચરલફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલીએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સહભાગીઓનો આભાર વ્યકત કર્યો હતો. આ નેશનલ કોન્ફરન્સના ભાગરૂપે, યુવાનોમાં જમીન સંરક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરના કૂલ ૧૨ રાજયોની કૃષિ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ભૂમિ સુપોષણ અંગે પોતાના વિચારો અને સૂચનો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીએ આ પરિષદને વધુ સફળ અને યુવા લક્ષી બનાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કુલપતિ પ્રો. (ડો.) સી. કે. ટીંબડીયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. એસ. પી. દેશમુખ અને ટીમ દ્વારા કરવામાં આવ્યું.

### ૧૦૦ ટકા કામગીરી કરનાર ૨ BLOને બિરદાવ્યા

## બાબાપુરનાં બુથ નં. ૨૪૯ અને ૨૫૦માં મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ

### રાજયમંત્રીએ કોમ્યુનિટી હોલનું કર્યુ લોકાર્પણ

અમરેલી, તા. ૫

ઉર્જા અને કાયદો–ન્યાય રાજયમંત્રી કૌશિકભાઈવેકરીયાએ અમરેલી તાલુકાના બાબાપુર મુકામે કોમ્યુનિટી હાલનું લોકાર્પણ કર્યું હતું. રાજયમંત્રીએ રાજયસભાના તત્કાલિન સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાની ગ્રાન્ટમાં નિર્માણ પામેલા કોમ્યુનિટી હોલની ગ્રામજનોને ભેટ આપી હતી.

હાલમાં ચાલી રહેલી મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત બાબાપુર ગામના બુથ નં. ૨૪૯ના બુથ લેવલ ઓફિસર (BLO) જયદિપભાઈ અને બુથ નં. ૨૫૦ના ઓફિસર (BLO) નરેશભાઈને એન્યુમરેશન ફોર્મની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા બદલ રાજયમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.



આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, મદદનીશ ચૂંટણી અધિકારી ૯૫ – અમરેલી અને પ્રાંત અધિકારી મહેશ નાકિયા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ડો. બાબા સાહેબ આંબેડકર

અમરેલી, તા. ૫

ડો. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ થયો હતો. તેઓ તેમના માતા પિતાનું છેલ્લું અને ચૌદમુ સંતાન હતા. તેમનો જન્મ મધ્યપ્રદેશની મહુની લશ્કરી છાવણીમાં થયો હતો. પિતાનું નામ રામજી શક્પાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું જેઓ કબીર પંથી હતા. ડો. બાબા સાહેબ આંબેડકરને નાનપણમાં સૌ ભીમા કહી હુલામણા નામે બોલાવતા હતા. ડો. આંબેડકર પ્રાથમિક શિક્ષણ સ્તરની પ્રતાપસિંહ હાઈસ્કુલમાં લીધું હતું અને બાદમાં મુંબઈમાં એલ્ફીન્ટન હાઈસ્કુલમાં દાખલ થયા હતા. તેઓ જયારે સાત વર્ષના હતા ત્યારે તેઓની માતાનું અવસાન થયેલ હતું. તેઓના નવ વર્ષની વયે રામાભાઈ સાથે લગ્નથયા હતા. તેઓ પાસે ૩૨ ડીગ્રીઓ હતી અને ૯ ભાષાઓના જાણકાર હતા તેમજ ૬૫ વિષયોનું ભરપુર જ્ઞાન હતું તેમાં માસ્ટરી હતી. તેઓનું અવસાન ૫ ડીસેમ્બરની મોડી રાત્રે ૫, અલીપુર રોડ, નવી દિલ્હી ખાતે તેઓના નિવાસ્થાને થયું હતું અને બીજા દિવસે સવારે ઉઠ્યા નહી ત્યારે ખબર પડી કે તેઓ હવે આ દુનિયામાં નથી રહ્યા. તેઓના અંતિમચેતન્ય–ભૂમિ દાદર મુંબઈ ખાતે કરવામાં આવેલ હતા. તેઓએ શિક્ષિત બનો, સંગઠીત બનો અને સંઘર્ષ કરો ત્રી–સૂત્ર આપેલ હતું. કોલમ્બિયા યુનીવર્સીટી દ્વારા ૩૦૦ વર્ષના ઈતિહાસમાં સૌથી બુદ્ધિશાળ ી અને મેઘાવી છાત્ર કોણ તે બાબતનો સર્વે કરાવવામાં આવતા ડો. બાબા સાહેબ આંબેડકરનું નામ પ્રથમ આવેલ જેના પરિણામ સ્વરૂપ યુનીવર્સીટીના દરવાજાની બહાર ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા મુકવામાં આવેલ છે અને નીચે



લખવામાં આવેલ છે સિમ્બોલ ઓફ નોલેજ એટલે કે જ્ઞાનનું પ્રતીક. તેઓને આગળ વિદેશ અભ્યાસ માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે આર્થીક મદદ કરી હતી. વડોદરામાં તેઓ અભ્યાસ કરી પરત આવ્યા બાદ તેમની નિમણુક લશ્કરી સચિવ તરીકે કરી હતી પણ આભડછેટનો સામનો કરવો પડ્યો અને મકાન ન મળવાને લીધે ૨૩ સપ્ટેમ્બર૧૯૧૭ ના રોજ વડોદરા છોડવું પડ્યુંહતું. જયાં ટ્રેન મોડી હોવાનાલીધે તેઓ કમાટી બાગમાં બેઠા ચોધાર આંસુડે રડ્યા અને સમાજ ઉપ્રધારનો સંકલ્પ લીધો તે દિવસને સૌ સંકલ્પ દિવસ તરીકે ઉજવે છે. ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરીષદમાં જઈ દલિતોના પ્રશ્નોની ધારદાર રજૂઆત કરી ડબલ મતાધિકાર લાવ્યા હતા જેમાં યરવડા જેલમાં બંધ મી.ગાંધીએ ડબલ મતાધિકારના વિરોધમાં આમરણાંત ઉપવાસ પર બેસતા છેલ્લે બાબા સાહેબે સમાજના હિતમાં નિર્ણય લઈ સમાધાન રૂપે પુના કરાર કરવામાં આવેલ હતા.

તેઓએ ભારતીય બંધારણ ઘડ્યું અને આપણને હક અને અધિકારો આપ્યા .

**કાંતિલાલ પરમાર,સામાજિક કાર્યકર્તા અમદાવાદ**

### સંસ્કૃત ભારત નિર્માણમ સમર્થ ભારત સોપાનમ્એ લક્ષ્ય સાથે

## અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં આજે સંસ્કૃત ગૌરવ પરીક્ષા યોજાશે

### ૬૬૮૭૫ છાત્રો પરીક્ષા આપશે

અમરેલી, તા. ૫

આવતીકાલ તા.૬ ડિસેમ્બરે સમગ્રગુજરાતમાંલેવાશેસંસ્કૃત ગૌરવ પરીક્ષા સંસ્કૃત ભારત નિર્માણમ્ સમર્થ ભારત સોપાનએ લક્ષ્ય સાથે સંસ્કૃત ભારતી સંસ્થા સમગ્રવિના ૨૮ દેશોની સાથે સાથે ભારતમાં અને એમાં પણ ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં વિવિધ આયામો સાથે કાર્ય કરી રહી છે. એમાંના એક આયામ એટલે વિદ્યાલયીન કાર્યની અંતર્ગત સરલ સંસ્કૃત પરીક્ષાઓ યોજાય છે. જેમાંગુજરાત રાજયમાંસંસ્કૃતભારતી ગુજરાત પ્રેરિત સંસ્કૃત ગૌરવ પરીક્ષા સમિતિ દ્વારા આયોજિત સંસ્કૃત ગૌરવ પરીક્ષા છેલ્લા કેટલાક વર્ષોથી લેવામાં આવી રહી છે.

જેમાંઆ વર્ષે ૬૫૬ કેન્દ્રો પરથી ૬૬,૮૭૫ છાત્રો આ સંસ્કૃત ગૌરવ પરીક્ષા આપશે. આટલી મોટી સંખ્યામાંસંસ્કૃત પરીક્ષા




લોકો આપી રહ્યા છે. તે એ વાત તરફ ધ્યાન દોરી રહી છે, કે લોકોમાં સંસ્કૃત પ્રત્યેની જે રૂચિ હતી એ એક મંચ પર આવી રહી છે. આ પરીક્ષાની વિશેષતા એ છે કે જેમાં ક્રમશઃ સંસ્કૃત સંભાષણના સોપાનો સર કરતા કરતા પરીક્ષાર્થી સંસ્કૃત સંભાષણ કરતા થઈ શકે એ રીતે એના અભ્યાસક્રમો ચાર પરીક્ષામાં પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા અનેપ્રવાહીકા એ વિભાગોમાં વિભાજીત થયેલા છે.

આ પુસ્તકોની રચના એ પ્રમાણે કરવામાંઆવી છે કેવિદ્યાલયના બાળ કો એના પ્રત્યે સહજતાથી આકર્ષાય છે. વિદ્યાલયની સાથે સાથે સામાજિક લોકો પણ આ પરીક્ષા આપી શકતા હોવાથી વ્યક્ગિત પરીક્ષાર્થીઓની સંખ્યા પણ દિવસે દિવસે વધતી જ જઈ રહી છે. આ પરીક્ષાના પંજીકરણ સામાન્ય રીતે જૂન માસથી પ્રારંભ થતા હોય છે ડિસેમ્બર માસમાં એની પરીક્ષા યોજાતી હોય છે. વસંત પંચમીએ પરિણામ જાહેર કરવામાં આવે છે. સામાન્ય જન સંસ્કૃતના ભવ્ય ભૂતકાળને જાણી સાંસ્કૃતિક પુનરૂત્થાન માટે સંસ્કૃત ભાષાની સરળતા અનેમધુરતાથી પરિચિત થાય એ માટે સમગ્ર આયામ સંપૂર્ણ વર્ષ દરમિયાન આ ગૌરવ પરીક્ષાને લગતા કાર્યમાં જોડાયેલું રહે છે.

આ વર્ષે ગુજરાતના પાંસઠ ટકાથી વધારે તાલુકામાં આ પરીક્ષાના કેન્દ્રો આપવામાં આવ્યા છે. આ પરીક્ષાના ચારે સોપાનો પૂર્ણ કર્યા બાદ છાત્રોને પત્રાચાર દ્વારા સંસ્કૃત યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. પુસ્તકની સાથે સાથે પરીક્ષાની આગોતરી તૈયારી કરવા માટે સંસ્કૃત ગૌરવ પરીક્ષાના એપ્લિકેશનમાં જ ક્વેશ્ચન બેંક આપવામાં આવે છે જેના દ્વારા વિદ્યાર્થીઓ પ્રત્યેક પરીક્ષાની પ્રશ્નબેંક રમતના માધ્યમે ઉપયોગ કરી પોતાના જ્ઞાનની ચકાસણી અને વૃદ્ધિ કરતા હોય છે. જેના કારણે ક્રમશઃ વિદ્યાર્થીઓની સંખ્યા અને સંસ્કૃત ગૌરવ પરીક્ષા માટેનો તેમનો પ્રેમ વધતો જ જઈ રહ્યો હોવાથી પ્રતિવર્ષ વિદ્યાર્થીઓ પરીક્ષાની પ્રતીક્ષા કરતા હોય એવા સમાચાર કેન્દ્ર સંયોજકો પાસેથી સમિતિને મળતા રહે છે. જેથી આ સંસ્કૃત ગૌરવ પરીક્ષા વાસ્તવમાં પરીક્ષા ઉત્સવ બનતો જા રહ્યો હોય એવું લાગી રહ્યું છે.

## સાવરકુંડલા ખાતે ૩૪મો વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ યોજાયો




સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરમાં આવેલ શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિના મૂલ્યે નેત્રકેમ્પ આજરોજ તારીખ ૫/૧૧/૨૫ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૪૨માં નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૬૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૨૨ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગરની આંખની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. ૩૪૨માં વિનામૂલ્યે મહા નેત્રયજ્ઞનું દિપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજય શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામીનાં સાનિધ્યમાં સંસ્થાનાં કોઠારી અક્ષર મુકત દાસજી સ્વામી, નૂતન કેળવણી ટ્રસ્ટના કનુભાઈ ગેડીયા, ગુરૂકુળ હોસ્પિટલના ડોક્ટર નિલેશભાઈ ત્રિવેદી તથા વીરનગર હોસ્પિટલના ડોક્ટર સાથે કરવામાં આવેલ.

નેત્ર કેમ્પના યજમાન પદે અમેરિકાના અ.નિ.ચંપાબેન હરિભાઈ મારૂ રહ્યા હતા. નેત્રયજ્ઞને સફળ બનાવવા સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાનાં કોઠારી અક્ષર મુકત દાસજી સ્વામીનાં વડપણ હેઠળ સાથે સંસ્થાના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી, અને આવનાર તમામ દર્દી નારાયણને ચા સાથે નાસ્તો આપવામાં આવેલ હતો.

### અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## અમરેલીની એમ.જે. ગજેરા બી.એડ. મહિલા કોલેજનું B.ED sem-11નું ૧૦૦ ટકા પરિણામ

### મૈત્રી પરમાર, અમી જોષી અને માનસી અકબરી અગ્રેસર







અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત અમરેલીની એમ.જે. ગજેરા બીએડ મહિલા કોલેજનું બી.એડ. સેમ–૨નુ ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. કોલેજની વિદ્યાર્થીની મૈત્રી પરમાર, અમી જોષી અને માનસી અકબરીએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાન મેળવેલ છે.

## સાવરકુંડલા : કૃષ્ણ ગૌશાળામાં રતાધળાથી પીડિત વાછરડીની સફળ સારવાર

સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરમાં સેવાકીય ક્ષેત્રે અગ્રેસર સેવાભાવી સંસ્થા કૃષ્ણ ગૌશાળા દ્વારા ગૌમાતાની સેવામાં સતત પ્રયત્નશીલ રહેવામાં આવે છે. ગૌશાળામાં રહેતી દરેક ગાય તેમજ વાછરડીઓને નાની–મોટી બીમારીઓમાં તાત્કાલિક અને નિષ્ણાત સારવાર આપી તેમને સ્વસ્થ કરવામાં આવે છે. ગતરોજ સવારથી જ સાવરકુંડલા–નેસડી રોડ પર આવેલી કૃષ્ણ ગૌશાળામાં એક સાત દિવસની નાની વાછરડીને બંને આંખે દેખાતું ન હોવાની ગંભીર સમસ્યા જોવા મળી હતી. આ વાછરડીને તાત્કાલિક સારવારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગૌશાળાના સેવાધારી બ્રિજેશભાઈ દાફડાએ પોતે પહોંચીને વાછરડીની આંખોની સારવાર હાથ ધરી હતી.

બ્રિજેશભાઈ દાફડા દ્વારા આપવામાં આવેલી પ્રાથમિક સારવાર વાછરડીની હાલતમાં ઝડપી સુધારો જોવા મળ્યો છે અને આગામી થોડા દિવસોમાં તે સંપૂર્ણપણે સ્વસ્થ થઈને આંખે દેખાતી થઈ જશે તેવી આશા છે. કૃષ્ણ ગૌશાળા સતત ગૌસેવાના કાર્યોમાં અવિરત પ્રવૃત્ત રહીને નિઃસ્વાર્થ ભાવથી ગૌમાતાની સેવા કરી રહી છે. ગૌશાળાના આ પ્રકારના સેવા કાર્યોની લોકો દ્વારા ખૂબ તારીફ આવી રહી છે.













હવે આપના અમરેલીમાં એમ.ડી.મેડીસીન ડોક્ટર નિયમિત મળશે.
❖ હૃદયના એટેકની સારવાર ❖ તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન),વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સાવરવાર ઉપલબ્ધ. ❖ ક્રીટીકલ અને આઈ.સી.યુ.ના દર્દીની સારવાર ❖ બધા પ્રકારના વા ની સારવાર ❖ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર ❖ ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર. ❖ ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર ❖ પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (Weakness) ખાલી ચડવી. ❖ નસના દુ:ખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર. ❖ પેરાલીસીસ (લકવો)નું નિદાન અને સારવાર તથા બેંચની સારવાર ઉપલબ્ધ. કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
ફિઝિશિયન વિભાગ
હૃદયના રોગો | ફેફસાંના રોગો | ડાયાબિટીસ | પેરાલિસિસ | ઝેરી દવાઓ (પોઈઝન)
સોમવાર થી શનિવાર, સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨,સાંજે ૦૫ થી ૦૮
ડો. વિજય મકવાણા
(M.B.B.S., M.D.Medicine)
Consultant Physicin & Cardio-Diabetcologist
Critical Care & ICU Specialist
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં હસ્તે ધારાસભ્ય કસવાલની ઉપસ્થિતિમાં થયું લોકાર્પણ

# ભૈ વાહ : સાવરકુંડલા ખાતે રાજય સરકાર દ્વારા પ્રથમ બ્લડ બેન્કની ભેટ

**અમરેલી જિલ્લાને રાજય સરકારે ઉદાર હાથે આપી છે સહાય : ઉર્જામંત્રી**

**સિવિલ પરિસરમાં આશરે રૂપિયા ૫૫ કરોડનાં ખર્ચે ૧૫૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલનું નિર્માણ થશે**

**૧૦૯ વખત રક્તદાન કરનારા પ્રવિણભાઈ સાવજનું મંત્રીનાં હસ્તે બહુમાન કરવામાં આવ્યું**

**સેવાભાવી સદ્દભાવના ગૃપ દ્વારા શિવ દરબાર આશ્રમનાં ઉપામૈયાની પ્રેરણાથી રકતદાન કેમ્પ યોજાયો**



અમરેલી, તા. ૫
સાવરકુંડલા મુકામે રાજય સરકાર દ્વારા કે.કે. મહેતા સિવિલ હોસ્પિટલમાં 'બ્લડબેંક' ના નવ્ય પ્રકલ્પનો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે શુભારંભ થયો હતો. આ અવસરે શહેરના સેવાભાવી સદભાવના ગૃપ દ્વારા શિવદરબાર આશ્રમના ઉષામૈયાની પ્રેરણાથી રકતદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં સાવરકુંડલાવાસીઓએ ઉત્સાહપૂર્વક રકતદાન કરી નાગરિકોના નિરામય ભવિષ્યનો સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
લગ્નના પ્રસંગે પ્રેમ, માન અને મીઠાશની એક ભેટ
શીતલ મેરેજ બોક્સ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

શિક્ષક/શિક્ષિકા જરૂર છે.
ધોરણ - ૫ અને ધોરણ - ૬ માં અભ્યાસ કરતા મીડિયમ ગુજરાતીના બાળકને ઘરે આવી ટ્યુશન કરાવી શકે, તેવા શિક્ષકભાઈ કે શિક્ષિકાબેન નીચેના સરનામે સંપર્ક કરશો.
સુખનાથ પરા - અમરેલી - મો. 98981 36077

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૫/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૯માં પરિનિર્વાણ દિન નિમિત્તે કોટી કોટી વંદન
ભારત દેશનાં પનોતા પુત્ર ભારત રત્ન, દેશના બંધારણનાં ઘડવૈયા ડો.ભીમરાવ આંબેડકરને તેમની પરિનિર્વાણ નિમિતે કોટી - કોટી વંદન..
શ્રી મધુભાઈ બી.ચાવડા
(પૂર્વ નગરસેવક)
ઉપપ્રમુખશ્રી : જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચો
શ્રી નાનજીભાઈ બી. ચાવડા
(S.I. નગર સેવા સદન-અમરેલી)
શ્રી કનુભાઈ બી. ચાવડા
(કંડકટર : એસ.ટી.ડેપો-અમરેલી)
શ્રી અનિલભાઈ બી. ચાવડા
શ્રી ટીનુભાઈ બી. ચાવડા
શ્રી બાબુભાઈ બી. ચાવડા
પુર્વ નગર સેવક - (વોર્ડ નં.-૧૦) અમરેલી
શ્રી રમીલાબેન અમરશીભાઈ દાફડા

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૯માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે કોટી... કોટી.. વંદન...
વંદનકર્તા
શ્રી જીતુભાઈ જોગદીયા
યશ કન્સ્ટ્રકશન
અમરેલી

ડો. બાબાસાહેબ આંબેડકરનાં ૬૯માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
ભારતીય બંધારણના શિલ્પી,મહામાનવ, વિશ્વરત્ન ડો.બાબા સાહેબ આંબેડકરનાં મહાપરિનિર્વાણ દિવસ નિમિતે વિનમ્ર વંદન...
શ્રી શાંતિલાલ એચ.પરમાર
પ્રદેશમંત્રીશ્રી
સંત શિરોમણી ગુરૂ રોહિદાસ વિશ્વ મહાપીઠ
ગુજરાત રાજય

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૯માં પરિનિર્વાણ દિન નિમિત્તે
કોટી કોટી વંદન...
શરદ એ.મકવાણા
સામાજીક અગ્રણી

ડો. બાબાસાહેબ આંબેડકરનાં
૬૯માં પરિનિર્વાણ દિન નિમિતે
કોટી કોટી વંદન...
ભારતીય બંધારણના શિલ્પી,મહામાનવ, વિશ્વરત્ન ડો.બાબા સાહેબ આંબેડકરનાં મહાપરિનિર્વાણ દિવસ નિમિતે વિનમ્ર વંદન.....
શ્રી શાંતિલાલ એમ.રાણવા
ઉપપ્રમુખ શ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)